

Green Card for USA by EB 5 investor visa
NEWS OF GANDHINAGAR (DAILY)
USA #EB5Visa #Greencard
Call / Whats up No 09824653073



પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

now on Internet www.janfariyad.com

अब तो एक ही आग ''जन फरियाद''

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ

સાપ્તાહિક

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

Gandhinagar Office : Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-27 ■ અંક-18 ■ તા. 30-04-2023 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk


## નફરત ભર્યા ભાષણો કરનારાઓ સામે રાજ્યોએ કેસ દાખલ કરવો જ જોઈએ : સુપ્રીમ

**જો કોઈ ફરિયાદ લઈને ન આવે તો પણ રાજ્ય સરકારોએ સામે ચાલીને આવી ફરિયાદો દાખલ કરવાની રહેશે.**

નવીદિલ્હી,તા.૨૯

ધર્મ કે જાતિના નામે લોકોને ભડકાવતા નિવેદનો કે ભાષણો આપનારા સામે તાત્કાલીક ફરિયાદ દાખલ કરીને કાર્યવાહી કરવાનો આદેશ સુપ્રીમ કોર્ટે દરેક રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોને આપ્યો છે. સાથે જ રાજ્યોને ચેતવણી આપી છે કે જો આવા ભડકાઉ કે નફરત કે ઉશ્કેરણીજનક નિવેદનો કે ભાષણો આપનારાઓની સામે કાર્યવાહી કરવામાં મોડુ કરવામાં આવ્યું તો કોર્ટના આદેશના અવમાનની કાર્યવાહી કરવામાં આવશે.

સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ કેએમ જોસેફ અને બીવી નાગરત્નાની બેંચે કહ્યું હતું કે હેટ સ્પીચ એટલે કે ઉશ્કેરણીજનક ભાષણ અત્યંત ગંભીર અપરાધ છે કે જેની ભારતની બિનસાંપ્રદાયિક્તા પર અસર પડી શકે છે. માટે દરેક રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોને આદેશ આપવામાં આવે છે કે આવા ઉશ્કેરણીજનક ભાષણો કરનારાઓની સામે તાત્કાલીક ફરિયાદ દાખલ કરવામાં આવે. આવા ઉશ્કેરણીજનક નિવેદનો કે ભાષણો આપનારાનો ધર્મ શું છે તે જોયા વગર જ તાત્કાલીક કાયદાકીય કાર્યવાહી કરવાની રહેશે. સાથે જ સુપ્રીમ કોર્ટે ચેતવણી આપી છે કે જો આવા મામલામાં કાર્યવાહી કરવામાં મોડુ કરવામાં આવ્યું તો અમારા આદેશની અવમાનના ગણવામાં આવશે અને રાજ્યો સામે કાર્યવાહી કરવામાં આવશે. અગાઉ ગયા વર્ષે સુપ્રીમ કોર્ટે આવો આદેશ માત્ર ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ, દિલ્હી પોલીસને જ આપ્યો હતો. જેમાં આ ત્રણ રાજ્યોની પોલીસને પોતાની રીતે જ ઉશ્કેરણીજનક નિવેદનો કે ભાષણોની નોંધ લઈને ફરિયાદો દાખલ કરવા કહ્યું હતું. હવે સુપ્રીમ કોર્ટે આ આદેશને સમગ્ર દેશમાં લાગુ કરી દીધો છે. જેને પગલે હવે જો કોઈ ધર્મ કે જાતિના નામે એકબીજાને ભડકાવવાનું કામ કરશે તો તેની સામે પોલીસે કોઈ પણ પ્રકારના વિલંબ વગર જ કાર્યવાહી કરવાની રહેશે. અગાઉ જ્યારે સુનાવણી થઈ હતી ત્યારે સુપ્રીમ કોર્ટે દેશના પ્રથમ વડાપ્રધાન જવાહરલાલ નહેરૂ અને પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયનો ઉલ્લેખ કર્યો હતો અને કહ્યું હતું કે એક સમય હતો જ્યારે આવા ગ્રેટ ઓરેટરને સાંભળવા માટે લોકો ગામડા અને શેરીઓમાં એકઠા થતા હતા, જ્યારે આજે માહોલ બદલાઈ ગયો છે.

સુપ્રીમ કોર્ટે પોતાના આદેશમાં કહ્યું હતું કે ન્યાયાધીશો બિનરાજકીય હોય છે, તેઓને એ કે બી કોઈ પક્ષ સાથે લેવાદેવા નથી હોતુ, ન્યાયાધીશોને માત્ર બંધારણ સાથે લેવાદેવા હોય છે. આપણે ધર્મના નામે ક્યાં પહોંચી ગયા છીએ? નોંધનીય છે કે પત્રકાર શાહીન અબ્દુલ્લાહ દ્વારા સૌથી પહેલા સુપ્રીમ કોર્ટમાં અરજી થઈ હતી, જેમાં તેમણે દિલ્હી, ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડને હેટ સ્પીચ મુદ્દે આદેશ આપવાની માગણી કરી હતી. જે બાદ સુપ્રીમ કોર્ટે ૨૧ ઓક્ટોબર, ૨૦૨૨ના રોજ આ ત્રણ રાજ્યોની પોલીસને હેટ સ્પીચ સામે ફરિયાદ દાખલ કરવા આદેશ આપ્યો હતો.જોકે યોગ્ય કાર્યવાહી ન થઈ રહી હોવાના દાવા સાથે પત્રકાર શાહીન અબ્દુલ્લાહે ફરી સુપ્રીમ કોર્ટમાં અપીલ કરી હતી અને સુપ્રીમના આદેશનો કડક અમલ કરાવવાની માગણી કરી હતી. જેની સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે પોતાના આદેશનો વ્યાપ વધારીને સમગ્ર દેશમાં લાગુ કરી દીધો હતો. સામાન્ય રીતે જ્યારે કોઈ નેતા દ્વારા ઉશ્કેરણીજનક નિવેદનો કે ભાષણો આપવામાં આવતા હોય છે ત્યારે તેનો વિરોધ કરનારા દ્વારા જો કોઈ ફરિયાદ દાખલ કરાવવામાં આવે ત્યારે કાર્યવાહી થતી હોય છે. જ્યારે હવે આવી ફરિયાદો કોઈ લઈને આવશે તેવી રાહ પોલીસે નહીં જોવી પડે અને પોતાની રીતે જ આવા ભાષણોની નોંધ લઈને ફરિયાદ દાખલ કરીને કાર્યવાહી કરવાની રહેશે.

## મને વડાપ્રધાન પાસેથી કોઈ આશા નથી, તેમણે રેસલર સાથે હજુ સુધી વાત કેમ નથી કરી



નવીદિલ્હી,તા.૨૯

ડબ્લ્યુએફઆઈ પ્રમુખ અને સાંસદ બ્રિજભૂષણ શરણ સિંહની ધરપકડની માગ સાથે મહિલા કુસ્તીબાજો જંતર-મંતર પર ધરણાં કરી રહ્યાં છે. આજે આ પ્રદર્શનનો ૭મો દિવસ છે. કોંગ્રેસનેતા પ્રિયંકા ગાંધી પણ સવારે ૭.૪૫ વાગ્યે જંતર-મંતર પહોંચ્યાં હતાં.તેમણે વિનેશ ફોગાટ, સાક્ષી મલિક અને બજરંગ પુનિયા સાથે વાત કરી હતી. તેઓ લગભગ એક કલાક સુધી ધરણાંના સ્થળે રોકાયાં હતાં. ૫૦ મિનિટ સુધી વાત કરી હતી. વિનેશ અને સાક્ષી વાત કરતી વખતે ભાવુક થઈ ગઈ હતી. ત્યારે પ્રિયંકા ગાંધીએ વિનેશના માથા પર હાથ મૂકીને તેને સાંત્વના આપી હતી. રેસલર બજરંગ પુનિયાએ સવારે આરોપ લગાવ્યો છે કે દિલ્હી પોલીસ હેરાન કરી રહી છે. રાત્રે ભોજન કરતી વખતે વીજળી કાપી નાખી હતી. ત્યાં ઊભેલાં પાણીનાં ટેક્કરો પણ લઈ લેવામાં આવ્યાં હતાં. પોલીસ દ્વારા જાહેર શૌચાલયને પણ અન્ય સ્થળે મોકલવામાં આવ્યું હતું.ગઈકાલે એટલે શુક્રવારે મોડી રાત્રે દિલ્હીના કનોટ પ્લેસ પોલીસ સ્ટેશનમાં બ્રિજભૂષણ વિરુદ્ધ બે એફઆઈઆર નોંધવામાં આવી છે. પહેલી- દિલ્હી પોલીસે સગીર કુસ્તીબાજના યૌનશોષણના સંબંધમાં બ્રિજભૂષણ વિરુદ્ધ પોક્સો એક્ટ હેઠળ કેસ નોંધ્યો છે. એ જ સમયે બીજી એફઆઈઆર અન્ય ૬ મહિલા કુસ્તીબાજોનાં યૌનશોષણના આરોપમાં નોંધવામાં આવી છે.કુસ્તીબાજોને મળ્યા બાદ પ્રિયંકા ગાંધીએ કહ્યું હતું કે 'કોઈને ખબર નથી કે જે એફઆઈઆર દાખલ કરવામાં આવી છે એમાં શું છે. શા માટે તેઓ એ બતાવતા નથી? જ્યારે આ કુસ્તીબાજો મેડલ જીતે છે ત્યારે આપણે બધા ટ્વીટ કરીએ છીએ, ગર્વ અનુભવીએ છીએ. આજે તેઓ રસ્તા પર બેઠાં છે. તેમને ન્યાય મળતો નથી. આ તમામ મહિલા કુસ્તીબાજો આ સ્થાન સુધી પહોંચવા માટે ઘણો સંઘર્ષ કરે છે અને મને સમજાતું નથી કે સરકાર બ્રિજભૂષણનું રક્ષણ કેમ કરી રહી છે. બ્રિજભૂષણ પર આવા ગંભીર આરોપો છે, પરંતુ કોઈ કાર્યવાહી થતી નથી. સરકારે તેમને પદ પરથી હટાવવા જોઈએ. તેમણે રાજીનામું આપવું જોઈએ.પ્રિયંકાએ કહ્યું, 'મને વડાપ્રધાન પાસેથી કોઈ આશા નથી, કારણ કે જો તેમને કુસ્તીબાજોની ચિંતા છે તો તેમણે રેસલર સાથે હજુ સુધી વાત કેમ નથી કરી. જ્યારે તેઓ મેડલ જીતીને આવે છે, ત્યારે તેઓ તેમની સાથે તેમના ફોટોગ્રાફ્સ લે છે. પરંતુ હજુ સુધી તેમની સાથે વાત કરી નથી. દેશ ખેલાડીઓની સાથે ઊભો છે. મને ગર્વ છે કે કુસ્તીબાજો આ મુદ્દે એકસાથે ઊભા છે અને પોતાનો અવાજ ઉઠાવે છે.એફઆઈઆર દાખલ થયા બાદ બ્રિજભૂષણ શરણે શુક્રવારે મોડી રાત્રે કહ્યું હતું કે ધરણાં પર બેઠેલાં રેસલર્સ મારા રાજીનામાથી માની જશે, તો હું રાજીનામું આપી દઈશ, પરંતુ એક ગુનેગાર બનીને નહીં. હવે તેઓ કહેશે કે તેમનો કાર્યકાળ પૂરો થઈ ગયો છે, તેમના રાજીનામાથી શું થશે. જો આ ખેલાડીઓ વિરોધ ખતમ કરીને ઘરે પાછા જાય, પ્રેક્ટિસ શરૂ કરે, તો હું તેમને રાજીનામું મોકલી દઈશ.જંતર-મંતર પર હાજર કુસ્તીબાજનો આરોપ છે કે જ્યારે બજરંગે આ અંગે છઝ્રઁને કોલ કર્યો ત્યારે તેમણે કહ્યું હતું કે જે કરવું હોય એ કરી લો, હવે તો આવું જ થશે, સાથે જ કહ્યું હતું કે કેસ નોંધાઈ ગયો છે, હવે વિરોધ પૂરો કરો. પોલીસે ધરણાસ્થળની ચારેય બાજુ બેરિકેડ્સ લગાવીને ખેલાડીઓને નજરકેદ કર્યા છે. ઘટનાસ્થળેથી મીડિયાના કર્મચારીઓને પણ હટાવવામાં આવ્યા છે. ધરણાસ્થળ પર ખેલાડીઓ અને થોડા સમર્થકો જ રહી ગયા છે, જે અંધારામાં વીજળી વિના રાત પસાર કરવા મજબૂર બન્યા છે. ઉત્તરપ્રદેશના ગોંડા જિલ્લાની કૈસરગંજ બેઠક પરથી ભાજપના સાંસદ. ૨૦૧૧થી, તેઓ રેસલિંગ એસોસિયેશનના પ્રમુખ છે.

## બજેટ વાપરવામાં મહારાષ્ટ્ર અને કર્ણાટકના સાંસદો નબંર વન

નવીદિલ્હી,તા.૨૯

મહારાષ્ટ્ર અને કર્ણાટકના સાંસદો છેલ્લાં ત્રણ વર્ષમાં સાંસદ સ્થાનિક ક્ષેત્ર વિકાસ ફંડ વાપરવામાં અન્ય રાજ્યના સાંસદો કરતાં ઘણાં આગળ છે. સાંસદોને દર વર્ષે તેમના મતદારસંઘમાં વિકાસના કામો કરવા માટે ૫ કરોડ રુપિયાનું બજેટ મળતું હોય છે. સ્થાનિક ક્ષેત્ર વિકાસ નિધિ યોજના ૧૯૯૩-૯૪માં શરુ કરવામાં આવી હતી. તે વખતે દરેક સાંસદને ૫ લાખ રુપિયા મળતાં હતાં. ૨૦૧૨-૧૩માં આ ફંડ વધારીને ૫ કરોડ રુપિયા કરવામાં આવ્યું હતું.

અધિકારિક સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ સંસદના બંને સભાગૃહમાંથી કર્ણાટકના ૪૦ સાંસદોએ તેમને મળેલ નિધિમાંથી ૯૧.૮૩ ટકા બજેટ વાપર્યુ છે. જ્યારે મહારાષ્ટ્રના ૬૭ સાંસદોએ ૮૯ ટકા બજેટ વાપર્યું છે. ગુજરાતના સાંસદોએ ૮૨ ટકા બજેટ વાપર્યુ છે. કેરળમાં ૨૯ સાંસદોએ ખાલી ૬૨ ટકા બજેટ વાપર્યું છે. જ્યારે પશ્ચિમ બંગાળના સાંસદોએ ૭૫ ટકા બજેટ વાપર્યું છે.

પ્રાપ્ત વિગતો અનુસાર ૩૭ રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશ તથા નામનિર્દેશિત સાંસદોને પાછલાં ત્રણ વર્ષમાં ૭ હજાર ૫૯૫ કરોડ રુપિયાનું બજેટ ફાળવવામાં આવ્યું હતું. જેમાંથી લગભગ ૮૦ ટકા એટલે ૬ હજાર ૧૫૦ કરોડ રુપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. આ બજેટ વાપરવામાં મોટાભાગના રાજ્ય સરેરાશથી ઘણાં નીચે છે.મોટા રાજ્યોને બાદ કરીએ તો ગોવા જેવા નાના રાજ્યે સૌથી વધુ એટલે કે ૯૨ ટકા ખર્ચ કર્યો છે. ગોવાના સાંસદોને ૩૨ કરોડનું બજેટ મળ્યું હતું. જેમાંથી તેમણે ૨૯.૪૪ કરોડ રુપિયા ખર્ચ કર્યા છે. કેન્દ્ર સરકારે ૨૦૧૯-૨૦, ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩ આ ત્રણ વર્ષની કાલાવધિ માટે બજેટ જાહેર કર્યું હતું. કોવિડની મહામારીને કારણે કેન્દ્ર સરકારે ૨૦૨૦-૨૧ દરમિયાન બજેટ આપ્યું નહતું. આ બજેટ માત્ર સાંસદ વાપરી શકતા નથી. તે માટે દરેક રાજ્યમાં જિલ્લા અધિકારી હેઠળ રાજ્યસ્તરીય નોડલ વિકાસ વિભાગની સ્થાપના કરવામા આવી છે.

## આવકની અસમાનતા મોટો મુદ્દોઃ ભારતમાં ૮૧૩.૫ મિલિયન ગરીબોને મફત ભોજનની તાતી જરૂર,

**એક રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે વિશ્વની પાંચમી સૌથી મોટી અર્થવ્યવસ્થામાં આવકની અસમાનતા દેખાઈ**



નવીદિલ્હી,તા.૨૯

ભારત વર્તમાન નાણાકીય વર્ષમાં સૌથી ઝડપથી વિકસતી મુખ્ય અર્થવ્યવસ્થા બનવાના માર્ગ પર છે. જો કે, ઊંચા ફુગાવાના દર અને ઊંચા બેરોજગારી દર વચ્ચે વૈભવી વસ્તુઓ અને જરૂરી વસ્તુઓની કિંમતો વચ્ચે અસમાનતા જોવા મળી રહી છે. ખોરાક, કપડા અને જીવન જરૂરિયાતની પ્રાથમિક ચીજવસ્તુઓના ભાવમાં વધારો જોવા મળી રહ્યો છે. એક રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે વિશ્વની પાંચમી સૌથી મોટી અર્થવ્યવસ્થામાં આવકની અસમાનતા જોવા મળી રહી છે. હજુ પણ આ દેશમાં ૮૧૩.૫ મિલિયન ગરીબ લોકોને મફત ભોજનની જરૂર છે.

ઊંચા ફુગાવાના દર અને ઊંચા બેરોજગારી દર વચ્ચે વૈભવી ચીજવસ્તુઓ અને અન્ય મૂળભૂત ઉપભોક્તા ચીજવસ્તુઓની માંગમાં વિશાળ અંતરને અવગણી શકાય નહીં. વિશ્વ સમાનતા રિપોર્ટ ૨૦૨૨ ના ડેટા અનુસાર સંયુક્ત રાષ્ટ્ર વૈજ્ઞાનિક ભાગીદાર સાથે વિકાસમાં સામેલ હતો. ભારત વધતી ગરીબી સાથે વિશ્વના સૌથી અસમાન દેશોમા સામેલ હતો. રિપોર્ટમાં જણાવાયું છે કે ભારતમાં ટોચના ૧૦ ટકા અને ૧ ટકા લોકો કુલ રાષ્ટ્રીય આવકના ૫૭ ટકા અને ૨૨ ટકા હિસ્સો ધરાવે છે.

મોટાભાગના ભારતીયો લોકોની મૂળભૂત જરૂરિયાતો માટે સંઘર્ષ કરી રહ્યા છે. અહેવાલમાં જણાવાયું છે કે એફએમસીજી વસ્તુઓના ભાવમાં વધારાને કારણે મોટાભાગની વસ્તુઓના ભાવમાં વધારો જોવા મળી રહ્યો છે. જેના કારણે ઓછી આવક ધરાવતા પરિવારોને પણ જરૂરી ચીજવસ્તુઓ ખરીદવામાં મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. છેલ્લા બે મહિનામાં શહેરી બજારોમાં કુલ વેચાણમાં રૂ. ૫, રૂ. ૧૦ અને રૂ. ૨૦ના નાના પેકનું યોગદાન લગભગ ૫ ટકા વધ્યું છે.પામ તેલ, ઘઉં, ખાંડ અને કોફી જેવી વસ્તુઓના ભાવમાં વધારો થયો છે. માર્ચના આંકડાઓની વાત કરીએ તો ખાદ્યાન્ન અને ઉત્પાદનોનો મોંઘવારી દર ૧૫.૩ ટકા હતો. ગયા મહિને દૂધનો મોંઘવારી દર ૯.૩% હતો. દૂધના ભાવમાં અનેક ગણો વધારો થયો છે, જેની અસર દેશના મોટાભાગના શહેરોમાં જોવા મળી શકે છે.

કપડાં અને ફૂટવેરના છૂટક ભાવમાં વાર્ષિક ધોરણે ૮.૨ ટકાનો વધારો થયો છે. ક્લોથિંગ મેન્યુફેક્ચરર્સ એસોસિએશન ઓફ ઈન્ડિયા દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડા અનુસાર, નાણાકીય વર્ષ ૨૦૨૩માં ભારતના ટેક્સટાઈલ માર્કેટમાં ૧૫ ટકાનો વધારો થયો છે. જેના કારણે વેચાણમાં ૩ ટકાનો ઘટાડો નોંધાયો છે. કંપનીઓ અને અધિકારીઓનું કહેવું છે કે કપાસના ભાવમાં થયેલા જંગી વધારાને કારણે આવું થયું છે.

છેલ્લા એક વર્ષમાં બેંગલુરુમાં રહેઠાણોના ભાડામાં ભારે વધારો જોવા મળ્યો છે, જેના કારણે કોર્પોરેટ કર્મચારીઓ આવાસ માટે સંઘર્ષ કરી રહ્યા છે. પ્રોપર્ટી બ્રોકર્સ દાવો કરે છે કે ભારતના સાત મોટા શહેરોમાં છેલ્લા પાંચ વર્ષમાં હાઉસિંગના ભાવ અને ભાડાની ઉપજમાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે.

## જમ્મુ-કાશ્મીરમાં લગભગ એક ડઝન આતંકવાદીઓ સક્રિય થઈ શકે છે: ડીજીપી દિલબાગ

શ્રીનગર,તા.૨૯

જમ્મુ-કાશ્મીરના પુંછ જિલ્લામાં સેના પર આતંકી હુમલાને લગભગ એક અઠવાડિયું થઈ ગયું છે. આ દરમિયાન ડીજીપી દિલબાગ સિંહે એક નવી માહિતી આપી છે. તેમણે કહ્યું કે પાકિસ્તાન તરફથી ડ્રોન દ્વારા જ્યાં હથિયારો સપ્લાય કરવામાં આવે છે તે વિસ્તારમાં લગભગ એક ડઝન આતંકવાદીઓ સક્રિય હોઈ શકે છે.

મળતા અહેવાલો અનુસાર, છેલ્લા એક સપ્તાહથી આતંકવાદીઓ સામે લડવા માટે મોટા પાયે સુરક્ષા અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે, પરંતુ હજુ સુધી તેમાં કોઈ સફળતા મળી નથી. તાજેતરમાં ડીજીપીએ વિસ્તારની મુલાકાત લીધી હતી. તેમણે કહ્યું કે સૈન્ય પર તાજેતરનો હુમલો સક્રિય સ્થાનિક સમર્થન સાથે કરવામાં આવ્યો હતો.

ડીજીપીએ કહ્યું કે આતંકવાદીઓને આશ્રય આપવા બદલ ધરપકડ કરાયેલા એક શકમંદ નાસિર અહેમદ છે. આતંકવાદી સહાનુભૂતિ ધરાવતા નાસિર અહેમદ અને તેનો પરિવાર જેઓ પહેલાથી જ સુરક્ષા દળોના રડાર પર હતા. તેમણે આતંકીઓને લોજિસ્ટિક્સ આપ્યા હતા. તેમની પૂછપરછના આધારે પોલીસને આતંકવાદી ગતિવિધિઓની મહત્ત્વની માહિતી મળી હતી.

તેમણે કહ્યું કે ધરપકડથી આતંકવાદીઓને શોધવામાં બહુ મદદ મળી નથી. ખરી સફળતા ત્યારે મળશે જ્યારે અમે હુમલા માટે જવાબદાર આતંકવાદીઓને બેઅસર કરી શકીશું. તેમણે કહ્યું કે ઓછામાં ઓછા એક ડઝન શંકાસ્પદ લોકોની ધરપકડ કરવામાં આવી છે. આતંકી હુમલાના સંબંધમાં પૂછપરછ માટે ૨૦૦થી વધુ લોકોની અટકાયત કરવામાં આવી છે.

## અમેરિકામાં વધુ એક બેંક ડૂબવાની અણીએ, ફર્સ્ટ રિપબ્લિક બેંકના શેરમાં ભારે ઘટાડો

વોશિંગ્ટન,તા.૨૯

અમેરિકાની બેંકિંગ કટોકટી બંધ થવાનું નામ નથી લઈ રહી. હવે અમેરિકાની વધુ એક બેંક ડૂબવાની અણીએ આવીને ઉભી છે. છેલ્લા એક સપ્તાહમાં ફર્સ્ટ રિપબ્લિક બેંકના શેરમાં ભારે ઘટાડો થયો છે. બેંકે સોમવારે ત્રિમાસિક પરિણામો જાહેર કર્યા હતા. પ્રથમ ક્વાર્ટરમાં તેની થાપણોમાં ઈં૧૦૦ બિલિયનની અછત જાહેર થઈ. ત્યારથી તેના શેર ઘટવા લાગ્યા

સિલિકોન વેલી બેંક અમેરિકામાં બેંકિંગ સંકટનો પ્રથમ શિકાર બની હતી. ત્યાર બાદ સિગ્નેચર બેંકનો નંબર આવ્યો. જ્યારે નિયમનકારોના હસ્તક્ષેપ પછી ક્રેડિટ સ્વિસને પતનમાંથી બચાવી લેવામાં આવી હતી. અને હવે અમેરિકામાં ફર્સ્ટ રિપબ્લિક બેંક રેગ્યુલેટરના નિયંત્રણ હેઠળ જાય તેવી શક્યતાઓ છે. યુએસ ફેડરલ ડિપોઝિટ ઈન્સ્યોરન્સ કોર્પોરેશન ટૂંક સમયમાં ફર્સ્ટ રિપબ્લિકને તેની રીસીવરશીપ હેઠળ લેવાની તૈયારી કરી રહ્યું છે. આ બેંકની હાલત ખૂબ જ ખરાબ થઈ ગઈ છે. થાપણદારોએ આ બેંકમાંથી ઘણા પૈસા ઉપાડી લીધા છે. જેના કારણે બેંકનું અસ્તિત્વ ખતરામાં છે. આ બેંક અમેરિકન બેંકિંગ ક્રાઈસીસનો નવો શિકાર બની છે.

ફર્સ્ટ રિપબ્લિક બેંકમાં તેના શેરના ભાવમાં ભારે ઘટાડો થતાં ટ્રેડિંગ અટકાવવામાં આવ્યું હતું. નિયમનકારોએ તેને પોતાના નિયંત્રણમાં લેવાની વાતને કારણે શેર પર દબાણ વધ્યું હતું. સૂત્રોના જણાવ્યા અનુસાર, ફર્સ્ટ રિપબ્લિકે સ્વીકાર્યું છે કે તે અનેક વિકલ્પોને લઈને બહુવિધ પક્ષો સાથે વાતચીત કરી રહી છે.

યુએસ બેંકિંગ રેગ્યુલેટરે બેંકને ટેકઓવર કરવાનો નિર્ણય લીધો છે. પ્રથમ પ્રજાસત્તાકની હાલત અત્યંત ખરાબ થઈ ગઈ છે. તેને બચાવવા માટે અન્ય ખાનગી બેંકો પાસે પૂરતો સમય બચ્યો નથી. સૂત્રએ નામ ન આપવાની શરતે આ માહિતી આપી હતી. જ્યારે આ વિશે પૂછવામાં આવ્યું ત્યારે ફર્સ્ટ રિપબ્લિક અને હ્લડ્ઢૈંઝ ના પ્રતિનિધિઓ તરફથી કોઈ તાત્કાલિક પ્રતિસાદ મળ્યો ન હતો.

આ સપ્તાહની શરૂઆતમાં, ફર્સ્ટ રિપબ્લિકે જણાવ્યું હતું કે તેણે પ્રથમ ક્વાર્ટરમાં ૧૦૦ બિલિયન ડિપોઝિટ ગુમાવી છે. આ અઠવાડિયે સોમવારે, ફર્સ્ટ રિપબ્લિકે તેના પ્રથમ ત્રિમાસિક પરિણામો જાહેર કર્યા. આ પછી, આ બેંકને લઈને સંકટ ઘેરું થવા લાગ્યું. તેના શેરમાં તીવ્ર ઘટાડો શરૂ થયો. આ વર્ષે ૯ માર્ચ પછી તેની થાપણોમાં લગભગ ઈં૭૦ બિલિયનનો ઘટાડો થયો છે.સિલિકોન વેલી બેંકના પતન પહેલા, ફર્સ્ટ રિપબ્લિક પાસે ૯ માર્ચે ઈં૧૭૩ બિલિયન ડિપોઝિટ હતી. ૨૧ એપ્રિલે તે ઘટીને ૧૦૨.૭ બિલિયન થઈ ગયું. માર્ચ ક્વાર્ટરમાં તેની થાપણોમાં ૧૦૦ બિલિયનથી વધુનો ઘટાડો થયો છે. જેના કારણે બેંકની હાલત સામે સવાલો ઉભા થવા લાગ્યા છે.

એક પછી એક બેક્રની હાલત ખરાબ થઈ રહી છે. પહેલા સિલિકોન વેલી, ત્યાર બાદ સિગ્નેચર બેંક, અને પછી ક્રેડિટ સ્વિસ, જો કે તેને પતનમાંથી બચાવી લેવામાં આવી હતી. મોટી બેંકોની આવી હાલત જોતા થાપણદારોનો બેંકોમાંથી વિશ્વાસ ઉઠી ગયો છે. એટલા માટે તેઓ નાની બેંકોમાંથી તેમના પૈસા ઉપાડી રહ્યા છે. નાની બેંકોમાંથી થાપણદારોના પૈસા ઉપાડી મોટી બેંકોમાં રાખવાનો ટ્રેન્ડ જોવા મળ્યો છે. જેમાં નાની બેંકોની હાલત ખરાબ થઈ રહી છે.

## હવે આનંદ મોહનની મુક્તિ પર મહાગઠબંધનના સહયોગીએ વિરોધ કર્યો

પટણા,તા.૨૯

પૂર્વ સાંસદ આનંદ મોહનની મુક્તિ પર રાજનીતિ તેજ બની રહી છે. તે જ સમયે, મહાગઠબંધનમાં પણ વિરોધ શરૂ થયો છે. મહાગઠબંધનના સહયોગી સીપીઆઈ એમએલના ધારાસભ્ય સત્યેન્દ્ર યાદવે આનો વિરોધ કર્યો છે. તેમણે કહ્યું કે સરકારે આનંદ મોહનના મામલામાં ઉતાવળ દાખવી છે જે બિલકુલ ખોટી છે.

સત્યેન્દ્ર યાદવે કહ્યું કે આનંદ મોહનની મુક્તિથી મહાગઠબંધનને કોઈ ફાયદો થશે નહીં. કાયદામાં સુધારો કરીને આનંદ મોહનને મુક્ત કરી શકાય છે, ત્યારે સરકારે હવે ટાંડાના કેદીઓને અને દારૂબંધીના કાયદામાં બંધાયેલા લોકોને મુક્ત કરવા જોઈએ.

# તંત્રી લેખ

## લોકસભા ચૂંટણી ૨૦૨૪ની પાછલા બારણે તૈયારી

છેલ્લા કેટલાક દિવસોથી વિપક્ષી દળો દ્વારા 'મંડલ કમિશન-ટૂ'નો આઇડિયા જોરશોરથી ચર્ચવામાં આવી રહ્યો છે. વિપક્ષ વિૃચારી રહ્યો છે કે, ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં મંડલ કમિશન-ટૂથી જ ભાજપના હિન્દુત્વ અને નેશન ફર્સ્ટની હવા નીકળી જશે! આથી જ વિપક્ષી દળોનો મોટો વર્ગ 'જેની જેટલી સંખ્યા ભારી, તેની તેટલી હિસ્સેદારી'નું સૂત્ર દોહરાવી રહ્યો છે. જેમાં કેટલાક કથિત ઉદાર બુદ્ધિજીવી પણ આ વિચારને વેગ આપવાનો પ્રયાસ કરી રહ્યા છે. જો કે કેટલાક એમ પણ કહી રહ્યા છે કે, મંડલ કમિશન-ટૂના સમીકરણથી પણ ૨૦૨૪ની ચૂંટણીમાં હિન્દુત્વને ખાસ અસર નહીં પહોંચી શકે. જયારે કેટલાકનું માનવું છે કે, જાતિના આધાર પર કોઇ સ્થિર સંયુકત મોરચો નહીં બનાવી શકે. કારણ કે જાતિગત અસ્મિતાની રાજનીતિ હંમેશા તરલ હોય છે.

રાજકીય પાસાંઓ સાથે સંકળાયેલ પૈકીની થીંક ટેંક એમ પણ માને છે કે મંડલ કમિશન-ટૂ કેન્દ્રિત રાજનીતિ હિન્દુત્વના મુદ્દા સામે નોંધનીય વૈકલ્પિક અણસાર રજૂ કરી શકતી નથી. આથી ચોકકસ હદ બાદ તે કારગત થઇ શકશે નહીં. મતલબ કે મંડલ કમિશન-ટૂનો આ આર્તનાદ બતાવે છે કે મંડલ વન-૧૯૯૦ જેટલું આપી શકતો હતો તે આપી ચૂકયો છે. જે અંગ્રેજોના સમયની ઓબીસી ગણના પર આધારિત હતો. જેમાં વી.પી.સિંહે દેવીલાલથી પોતાની ખુરશી બચાવવા માટે ઉતાવળમાં મંડળ કમિશનનો રિપોર્ટ લાગુ કર્યો હતો. જયારે મંડલ-વન લાગુ થયો ત્યારે તમામ મંડલવાદી ખુશ જોવા મળ્યા હતા. તેઓ વિચારતા હતા કે મંડલ-વન અનુસાર ઓબીસી આરક્ષણને લાગુ કરવાની હિન્દુ સમાજના ટૂકડા થઇ જશે અને આ પ્રકારે હિન્દુત્વનો ખતરો કાયમ માટે બંધ થઇ જશે.

આરક્ષણની પેરવી કરનાર તે સમયના મોટા ગજાના મુસ્લિમ નેતાનું કહેવું હતું કે, હિન્દુ સમાજ એક મોસંબી સમાન છે, જે ઉપરથી એક દેખાય છે પરંતુ મોસંબીની મુખ્ય છાલ ઉતારાય તો અંદર ફાંટા જ નજરે પડે છે. આ વિચારસરણીવાળા લોકો માનતા હતા કે, મંડલ વનની છાલ ઉતારીને હિન્દુ સમાજને હંમેશા માટે વિભાજીત કરાશે તો તે કયારેય એક નહીં થઇ શકે. પરંતુ આ વાત અવળી બની. મંડલ-વનનો જવાબ હિન્દુત્વવાદીઓએ કમંડળથી આપ્યો અને જોતજોતામાં આ વિભાજનકારી ઘાનો ઇલાજ કરી દીધો ! હિન્દુત્વ ફરીથી જાગૃત થયું અને ધીમે ધીમે છવાતું ગયું. તેનું મુખ્ય કારણ મંડલ-વનની જાતિગત રાજનીતિ એટલ કે ઓબીસી આરક્ષણ હતું.

મંડલ-વનને સફળ બનાવવા પ્રયાસો કરનાર એ વાત વિસરી ગયા કે આરક્ષણના લાભકર્તા હિન્દુ સમાજના જ અંગ હતા અને છે, ઓબીસી પણ હિંદુ જ છે. આરક્ષણના કારણે તેઓને વિકાસનો અવસર મળે છે તો તે હિન્દુત્વને મજબૂત કરશે. વાત પણ એમ જ બની. હિન્દુત્વવાદીઓએ સૌપ્રથમ મંડલ-વનને સમજવાનો પ્રયાસ કર્યો અને બાદમાં ઓબીસીમાં પોતાનું સ્થાન મજબૂત કરીને સત્તામાં આવવા લાગ્યા. જેમાં અગાઉ અટલબિહારી આવ્યા અને દસકા બાદ બે ટર્મ સુધી નરેન્દ્ર મોદીએ જમાવટ કરી.

# લઘુ નવલકથા- છિન્ન -પ્રકરણ ૯




સંદિપ ઑફિસ જવા નીકળ્યો અને શ્રેયા ડૉ.દીવાનના બંગલાની સાઇટ પર. દિવસમાં બેચાર વાર મોબાઇલ પર વાત કરી લેતા સંદિપનો આજે એક વાર પણ મોબાઇલ રણક્યો નહીં. શ્રેયાએ મોબાઇલ જોડ્યો તો સતત રિંગ ટોન સંભળાતો રહ્યો.?

જબ કોઈ બાત બિગડ જાયે
, જબ કોઈ મુશ્કિલ પડ જાયે
તુમ દેના સાથ મેરા ઓ હમનવાઝ...........?

આ ટ્યૂન સંદિપે એના અને શ્રેયાના મોબાઇલ પર સેટ કરી હતી. બંનેને આ ગીત ખૂબ ગમતું હતું. સંદિપને આવા જુદા જુદા રિંગ ટોનનો શોખ હતો. એના અને શ્રેયાના મોબાઇલ પર એ જ બધુ સેટ કર્યા કરતો અને સંભળાવતો.?

"યે તો સચ હૈ કે ભગવાન હૈ,
હૈ મગર ફિરભી અન્જાન હૈ.
ધરતી પે રૂપ મા-બાપકા
ઉસકે ધાગા કી પહેચાન હૈ"

"જો શ્રેયા , તારામાં 'હમ સાથ સાથ હૈ' ના આ ગીતની રિંગ ટોન વાગે તો સમજી જવાનું મમ્મી કે પપ્પાનો ફોન છે. જુદા જુદા ગ્રુપ માટે અલગ રિંગ ટોન સેટ કર્યા છે એટલે રિંગ વાગશે તોય જોયા વગર, પણ તને ખબર પડી જશે કે કોનો ફોન છે."

?શ્રેયા મોબાઇલ જ એને સોંપી દેતી. તારે જેટલા નંબર નાખવા હોય, જે રિંગ ટોન સેટ કરવા હોય એ તું કર્યા કર. આ મારું કામ જ નથી. મારે તો બસ ફોનની રિંગ વાગે અને વાત થાય એટલું બસ છે. ખરેખર શ્રેયામાં એવી ધીરજ જ નહોતી. સંદિપને ખૂબ શોખ હતો, એને આવા બધામાં ખૂબ મઝા આવતી.?

"જો શ્રેયા આ મિશન ઈમ્પોસિબલનું મ્યૂઝિક સાંભળ્યું? કોના માટે સેટ કરું?"

શ્રેયા હસી પડતી,

"તારાથી વધીને મને તો કોઈ ઈમ્પોસિબલ લાગતું નથી, એમ કર તારામાં જ એ રિંગ ટોન નાખી દે."

"કેમ મેડમ ,અમે તમારું શું બગાડ્યુ છે?"

સંદિપ મૂડમાં હોય ત્યારે શ્રેયાને લાડથી મેડમ કહીને બોલાવતો.

"કેમ ગયા શનિવારનો તારો છબરડો ભૂલી ગયો?"

સંદિપનો સ્કૂલના સમયનો ખાસ મિત્ર નિરવ કાયમ માટે અમેરિકા જતો હતો. સંદિપે એને ડિનર માટે બોલાવ્યો હતો. શ્રેયાને પણ એની સાથે ખૂબ ફાવતું. પ્લાન એવો હતો કે, શનિવાર સાંજથી એ આવી જશે અને મોડે સુધી ત્રણે સાથે જ રહેશે.. કોને ખબર ફરી ક્યારે મળાય??

શ્રેયા એ દિવસે વહેલી સાઇટ પરથી આવીને ડિનરની તૈયારીમાં લાગી હતી જેથી નિરવ અને સંદિપ આવે ત્યારે એ ફ્રેશ થઈને એમની સાથે બેસી શકે.

સાંજે લગભગ છ વાગ્યે શ્રેયાનો મોબાઇલ રણક્યો.

"શું કરે છે શ્રેયા? એક સરપ્રાઇઝ છે તારા માટે. લે વાત કર."

સામે છેડે સંદિપ હતો એ તો મિશન ઈમ્પોસિબલનાં રિંગ ટોન પરથી જ શ્રેયાને ખબર હતી, પણ હવે કોની સાથે વાત કરવાની છે એ કલ્પના કરે તે પહેલાં સામેથી જપનનું હેલ્લો સંભળાયું. જપન સેપ્ટના ગ્રુપમાં હતો. આડી અવળી વાત કરીને એણે સંદિપને મોબાઇલ આપ્યો.

"સંદિપ, કેટલી વાર છે? નિરવ હમણાં આવશે, યાદ છે ને?"

"યસ મેડમ. બસ અમે હમણાં જ થોડી વારમાં પહોંચીએ."

"આ અમે એટલે?"

"હું અને જપન. એ અહીં મળવા આવ્યો હતો. મેં એને રોકી લીધો છે, મારી સાથે લેતો આવીશ. આપણી સાથે જમશે. એણે આવવાની હા પાડી એટલે મૌલિકને પણ બોલાવી લીધો છે એ આવતો જ હશે."

શ્રેયા ચકરાઈ ગઈ. આમ સાવ જ છેલ્લી ઘડીએ વગર વિચારે, કોઈ જાણ વગર સંદિપે પ્લાન બદલી નાખ્યો હતો. નિરવ સાથે શાંતિથી સાંજ પસાર કરવાના બદલે સંદિપે આ શું કર્યું ? જપન અને મૌલિક તો અહીં જ રહેવાના હતા. એમને ફરી પણ ક્યારેક મળી શકાય, નિરવને તો કોણ જાણે હવે ફરી ક્યારે મળાશે? આ મિંયા મહાદેવનો વળી કેમનો મેળ પાડ્યો? ?

ખરેખર એમ જ બન્યું. નિરવ આવ્યો તો ખરો પણ જપન અને મૌલિકની હાજરીમાં શ્રેયા અને સંદિપ જોડે સાંજ પસાર કરવાનો એનો ઉત્સાહ થોડો મોળો પડી ગયો. "શ્રેયા, તારી વાત સાચી છે, પણ એક વાર કહેવાઈ ગયા પછી કેવી રીતે ના પડાય?"

?રાત્રે નિરવ વહેલો નીકળી ગયો. જપન-મૌલિકના ગયા પછી સંદિપને પોતાની ભૂલ સમજાઈ, પણ સાંજ આખી વેરણછેરણ થઈ ગઈ એનો શ્રેયાને એટલો તો અફસોસ રહી ગયો કે ના કહેવાની વાત. આમ બનતું ત્યારે છેવટે થાકીને શ્રેયા હંમેશા કહેતી,

"સંદિપ, યુ આર ઈમ્પોસિબલ."

આલેખન:રાજુલ કૌશિક

## ગુજરાતમાં ૧૦૦૦ બાળકો સામે ૯૦૯ સ્ત્રી જન્મદર: ૩જા નીચલા ક્રમે

અમદાવાદ,તા.૨૯

સ્ત્રી-પુરૂષ વચ્ચેનાં ભેદભાવ રોકવા માટે અનેક કાનુનો હોવા છતાં ગુજરાતમાં બાળકીઓના જન્મદરમાં ઘટાડો જ છે.બાળકીઓનાં જન્મદર તથા સેકસ રેશીયોમાં ગુજરાત નીચલા ક્રમેથી ૩જા નંબરે હોવાનું જાહેર થયુ છે. કેન્દ્ર સરકારનાં રીપોર્ટ પ્રમાણે ગુજરાતમાં ૧૦૦૦ બાળકોનાં જન્મની સાથે બાળકી-છોકરીઓની સંખ્યા ૯૦૯ જ છે.

૧૦૦૦ બાળકોએ બાળકીઓનો સૌથી ઓછો ૮૮૦ જન્મદર મણીપુરમાં છે.બીજા ક્રમે ૮૯૮ દીવ-દમણ દાદરાનગર હવેલીનો છે. ત્રીજો ક્રમ ગુજરાતનો છે. ગુજરાતનાં પાડોશી રાજયો રાજસ્થાન તથા મધ્યપ્રદેશમાં સ્થિતિ ઘણી સારી છે. રાજસ્થાનમાં ૧૦૦૦ બાળકો સામે બાળકીઓનો જન્મદર ૯૫૨ તથા મધ્યપ્રદેશમાં ૯૨૧ છે. ૨૦૧૯ માં ગુજરાતમાં ૯૧૦ ના, સૌથી ઓછો સેકસ રેશીયો હતો.ત્યારબાદ આસામ ૯૦૩, મધ્યપ્રદેશ ૯૦૫ તથા જમ્મુ-કાશ્મીર ૯૦૯ નો ક્રમ આવતો હતો. ૨૦૦૮ માં ૮૯૭ બાળકીઓના જન્મદર સાથે ગુજરાત પાંચમા સ્થાને હતુ.

ગુજરાતના ગ્રામ્ય ભાગોમાં બાળકીઓનો જન્મદર ૯૨૯ જયારે શહેરી ક્ષેત્રોમાં ૯૦૧ છે. સૌથી ઓછો ૮૭૦ ના જન્મદર બોટાદમાં ૮૭૦, દેવભુમિ દ્વારકામાં ૮૮૯, ગીર સોમનાથમાં ૮૯૮ છે. જયારે શહેરી વિસ્તારોમાં સૌથી ઓછો છે.૮૫૮ મહેસાણામાં ૨૭૦ તથા ૮૬૫ સુરતમાં છે.રીપોર્ટમાં એવો નિર્દેશ કરાયો છે કે સૌથી ઓછો જન્મદર મહેસાણા તથા સૌરાષ્ટ્રનાં વિસ્તારોમાં છે. મહત્વની વાત એ છે કે આદિવાસી વિસ્તારોમાં પણ બાળકીઓનાં જન્મદરમાં મોટો ઘટાડો છે. ૨૦૧૧ માં તાપીમાં બાળકો સામે ૯૫૩ બાળકીઓનો જન્મ ૨૦૨૦ માં માત્ર ૮૮૯ રહ્યો છે. નિષ્ણાતોના કહેવા પ્રમાણે વાલીઓ એક જ બાળકની નીતિ અપનાવવા લાગ્યા છે.ઉપરાંત ફર્ટીલીટી (ફળદ્રુપતા)પણ ઘટી રહી છે.

નેશનલ ફેમીલી હેલ્થ સર્વેના ૨૦૧૯-૨૦ ના રીપોર્ટ પ્રમાણે ગુજરાતમાં પ્રતિ મહિલા દીઠ બાળકોની સંખ્યાની ૧.૯ ની છે. ગુજરાતમાં ૨૦૦૧ માં ૧૦૦૦ બાળકો સામે બાળકીઓનો જન્મદર ૮૮૬ છે. ૨૦૧૧ માં ૮૯૦ હતો. સરકારે સ્ત્રી જન્મદર વધારવા, ભ્રુણહત્યા રોકવા ગર્ભપરિક્ષણ પર રોક સહીતનાં પગલા લીધા છે.નિષ્ણાંતોનાં કહેવા પ્રમાણે જાતિને ભેદભાવ દુર કરવા માટે હજુ શ્રેણીબદ્ધ અને વિવિધ મોરચે પગલા લેવાની જરૂર છે. ગર્ભ પરિક્ષણ મામલે મહારાષ્ટ્રમાં અનેક તબીબોને સજા થઈ છે. ગુજરાતમાં આવા કિસ્સા ભાગ્યે જ છે.

### આખા ગુજરાતમાં મોડી રાતથી વરસાદ તૂટી પડ્યો

## રાજ્યમાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન ૫૦ તાલુકામાં કમોસમી વરસાદ નોંધાયો

અમદાવાદ,તા.૨૯

ગુજરાતભરના વાતાવરણમાં શુક્રવારથી અચાનક પલટો આવ્યો છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન ૫૦ તાલુકામાં કમોસમી વરસાદ નોંધાયો છે. રાજ્યમાં સૌથી વધુ ગીર સોમનાથના કોડીનાર તાલુકામાં સવા ઈંચ કરતા વધુ વરસાદ પડ્યો છે. તો મહેસાણાના જોટાણામાં એક ઈંચ કરતાં વધારે વરસાદ નોંધાયો છે. બીજીત રફ, અમદાવાદમાં અચાનાક વાતાવરણમાં પલટો આવ્યો છે. દિવસભર અસહ્ય ગરમી બાદ રાત્રે વાતાવરણમાં પલટો આવ્યો. વેજલપુર, જીવરાજપાર્ક, શ્યામલ, વાસણા સહિતના વિસ્તારોમાં કડાકા-ભડાકા સાથે વરસાદ જોવા મળ્યો. હવામાન વિભાગે આગામી ૫ દિવસ પણ ભારે વરસાદની આગાહી કરી છે.. વેસ્ટર્ન ડિસ્ટર્નબન્સને કારણે વરસાદી માહોલ જોવા મળ્યો. ગુજરાતમાં હજુ પણ ૪ દિવસ કમોસમી વરસાદની હવામાન વિભાગે આગાહી કરી છે. ત્યારે શુક્રવારે રાજ્યના ૭ જિલ્લામાં માવઠું પડ્યું. અમદાવાદ, પાટણ, મહેસાણા, કચ્છ, રાજકોટ સહિતના જિલ્લામાં વરસાદ નોંધાયો છે. કમોસમી વરસાદથી ખેડૂતોના પાકને નુકસાનની ભીતિ સેવાઈ રહી છે. ફરી એકવાક ખેડૂતોની કમર ભાંગી જશે. તો બીજી તરફ, અમદાવાદમાં મોડી રાતથી જ કડાકાભડાકા સાથે વરસાદ તૂટી પડ્યો હતો. આજે સવારથી જ પશ્ચિમ વિસ્તારમાં વેજલપુર, જીવરાજપાર્ક, શ્યામલ તેમજ વાસણા સહિતના વિસ્તારમાં વરસાદ નોઁધાયો. હવામાન વિભાગની આગાહી પ્રમાણે પાટણમાં કમોસમી વરસાદ આફત રૂપે વરસતા ખેડૂતો અને વેપારીઓને મોટાપાયે નુકસાન થયું છે. પાટણના હારીજમાં કમોસમી વરસાદના કારણે યાર્ડમાં પડેલો પાક પલળતા ખેડૂતો અને વેપારીઓને મોટાપાયે નુકસાન થયું છે. યાર્ડમાં પડેલ ઘઉં, જીરૂં, ચણા સહિતનો પાક પલળી ગયો છે. જેના કારણે ખેડૂતો અને વેપારીઓને લાખો રૂપિયાનું નુકસાન થયું છે.

હવામાન વિભાગ દ્વારા કાળઝાળ ગરમી વચ્ચે માવઠાની આગાહી કરાઈ છે. હજુ પણ ૪ દિવસ કમોસમી વરસાદની આગાહી ગુજરાત માટે છે. જેમાં મોટાભાગના જિલ્લાઓમાં કમોસમી વરસાદ પડશે. ૧ મેએ ફરીથી વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સિસ્ટમ સક્રિય થશે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે રાજયમાં માવઠું પડશે. કમોસમી વરસાદથી ખેડૂતોની ચિંતામાં વધારો થયો છે.

### વિરોધ કુસ્તીબાજોને મોંઘો પડી રહ્યો છે

## ગાદલા-પંખા, સ્પીકર અને ખાવા-પીવા પર હજારો રૂપિયા ખર્ચાઈ રહ્યા છે

### ભોજનની વ્યવસ્થા પર પાંચ દિવસમાં પાંચ લાખ રૂપિયા ખર્ચ્યા છે.

નવીદિલ્હી,તા.૨૯

નેશનલ ડેસ્કઃ રેસલિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયા (ડબ્લ્યુએફઆઇ)ના ચીફ બ્રિજ ભૂષણ શરણ સિંહની ધરપકડની માંગ સાથે જંતર-મંતર પર વિરોધ કરી રહેલા કુસ્તીબાજોની મૂળભૂત જરૂરિયાતો પૂરી કરવી ખૂબ જ મોંઘી સાબિત થઈ રહી છે. ખર્ચ હોવા છતાં, કુસ્તીબાજો દિલ્હીના આ પ્રખ્યાત વિરોધ સ્થળ પર લાંબી લડાઈ કરવા તૈયાર છે. રેસલર્સે ઉક્ત ચીફ પર જાતીય સતામણી અને ધાકધમકીનો આરોપ લગાવ્યો છે. કુસ્તીબાજોએ એક નાનકડા જનરેટર ઉપરાંત ગાદલા, ચાદર, પંખા, સ્પીકર, માઈક્રોફોન, પાણી અને ભોજનની વ્યવસ્થા પર પાંચ દિવસમાં પાંચ લાખ રૂપિયા ખર્ચ્યા છે. તેણે શરૂઆતમાં ગાદલા, પલંગની ચાદર અને 'સાઉન્ડ સિસ્ટમ' ભાડે આપી હતી જેના માટે તે રોજના ૨૭,૦૦૦નો ખર્ચ કરતો હતો.

કુસ્તીબાજોને સમજાયું કે જો તેઓને લાંબા સમય સુધી બેસવું પડશે તો નાની વસ્તુઓ ગોઠવવી એ એક મોટો આર્થિક બોજ બની જશે. વિનેશ ફોગટના પતિ સોમવીર રાઠીએ કહ્યું, "તેથી અમે ગાદલું ખરીદવાનું નક્કી કર્યું. મેં મારા ગામ ખારઘોડામાંથી ૫૦,૦૦૦ રૂપિયા આપીને ૮૦ ગાદલા ખરીદ્યા. અમારી પાસેથી ગાદલા માટે દરરોજનું ૧૨,૦૦૦ રૂપિયા ભાડું લેવામાં આવી રહ્યું હતું. તે ઘણી મોટી રકમ છે." તેણે કહ્યું, "શરૂઆતમાં અમે સ્પીકર્સ અને માઈક્રોફોન ભાડે રાખ્યા હતા, પરંતુ એક દિવસનો ખર્ચ ૧૨,૦૦૦ રૂપિયા હતો. તે ખૂબ જ હતું. હવે અમે અમારી 'સાઉન્ડ સિસ્ટમ' ચાંદની ચોક માર્કેટમાંથી રૂ. ૬૦,૦૦૦માં ખરીદી છે. દુકાનદાર કુસ્તીબાજો વિશે જાણતો હતો તેથી તેણે કોઈ નફો કર્યા વિના તે અમને વેચી દીધો." ચાહકો અને જનરેટર હજુ પણ ભાડે છે. તેણે બંને માટે રોજના ૧૦,૦૦૦ રૂપિયા ખર્ચવા પડે છે. તેમણે કહ્યું, "જો જરૂર પડશે તો અમે કુલર ખરીદીશું. બહાર ગરમી છે. અમે અમારી સાથે ૨ લાખ રૂપિયા રોકડા લાવ્યાં હતાં પરંતુ અત્યાર સુધીમાં લગભગ ૫-૬ લાખ રૂપિયા ખર્ચી ચૂક્યા છીએ.

વિનેશ, સાક્ષી મલિક અને બજરંગ પુનિયા આ વિરોધના ચહેરા છે.

સોમવીર, તેનો મિત્ર યોગેશ (ભારત કેસરી) અને અન્ય ઘણા લોકો વિરોધ ચાલુ રાખવા માટે દિવસ-રાત કામ કરી રહ્યા છે. સોમવીરે કહ્યું, "અમે અમારી વચ્ચે કામ વહેંચ્યું છે. કેટલાક કોચ સુનિશ્ચિત કરી રહ્યા છે કે રસોઈયા દ્વારા ગુણવત્તાયુક્ત ખોરાક તૈયાર કરવામાં આવે, જ્યારે યુવા કુસ્તીબાજો વિરોધ સ્થળ પર ખોરાક પહોંચાડી રહ્યા છે. કેટલાક લોકો ખાતરી કરી રહ્યા છે કે પાણીનો પુરવઠો અવિરત છે. સ્વચ્છતાની કાળજી રાખવાની જવાબદારી કોઈને સોંપવામાં આવી છે. સુરક્ષા કર્મચારીઓ પણ અમને મદદ કરે છે." સોમવીર હરિયાણાના વિવિધ અખાડાઓના પ્રતિનિધિઓને પણ અહીં જંતર-મંતર ન આવવા સમજાવી રહ્યા છે કારણ કે વિશાળ ભીડને સંભાળવી ખૂબ જ પડકારજનક હશે. લગભગ ૮૦ અખાડા અહીં આવીને વિરોધને સમર્થન આપવા માંગે છે પરંતુ અમે તેમને અહીં આવતા અટકાવ્યા છે.

જ્યારે સોમવીરને પૂછવામાં આવ્યું કે શું તેમને કોઈ રાજકીય પક્ષ કે પ્રભાવશાળી લોકો પાસેથી આર્થિક મદદ નથી મળી રહી? "જો એવું હોત તો, કુસ્તીબાજોના માથા પર 'વોટરપ્રૂફ શેડ' હોત અને અહીં કેટલીક સારી સુવિધાઓ હોત, પરંતુ અમે ન્યૂનતમ સંસાધનો સાથે વસ્તુઓનું સંચાલન કરી રહ્યા છીએ," તેમણે કહ્યું. હાલમાં વિનેશ, સાક્ષી અને બજરંગના પરિવારો છે. દોડવું તેણે કહ્યું, "અમે અત્યારે કોઈની મદદ લઈ રહ્યા નથી. અમે જાતે જ વસ્તુઓનું સંચાલન કરીએ છીએ. અમે ખૂબ જ કાળજીપૂર્વક પૈસા ખર્ચીએ છીએ. જે લોકો આવી રહ્યા છે તેઓ પોતાના ભોજનની વ્યવસ્થા કરી રહ્યા છે.

## મધુર ડેરીના ચેરમેન શંકરસિંહ રાણાએ નોકરીની લાલચ આપી જમીન પડાવી લીધી હોવાનો આરોપ

ગાંધીનગર,તા.૨૯

ગાંધીનગર જીલ્લા દૂધ ઉત્પાદક સંઘ લિમિટેડ એટલે કે મધુર ડેરીના ચેરમેન શંકરસિંહ રાણાએ દશેલા ગામના ખેડૂતને તેમના બે પુત્રોને નોકરીની લાલચ આપી ખેડૂતની જમીન હડપી લીધી હોવાનો ખેડૂતે આરોપ લગાવતાં ખળભળાટ મચી ગયો છે. ખેડૂતે વારંવાર તેમની સમક્ષ નોકરીની માગ કરતાં તેમણે બહાના કાઢીને અને ઉડાઉ જવાબ આપીને ખેડૂતને અપમાનિત કરી દીધા હતા. મધુર ડેરીમાં લેન્ડ ફોર જોબ કૌભાંડ ચાલતું હોવાનો સનસનખેજ મામલો બહાર આવ્યો છે.

પ્રાપ્ત માહિતી મુજબ મધુર ડેરીએ દશેલા ખાતે આવેલી ડેરીના મોડલ ફાર્મ પાસે એક્સપાન્સન માટે જમીન ખરીદી છે. આ જમીન દશેલા ગ્રામ પંચાયત હેઠળ આવેલી છે અને તે ધણપના સતુજી મહેરાજી રાણાની જમીન છે. મધુર ડેરીના ચેરમેન શંકરસિંહ રાણાએ ખેડૂત સાથે મુલાકાત કરી જમીનની ડિલ કરી હતી. ખેડૂતના આરોપ મુજબ શંકરસિંહ રાણાએ તેમને બે પુત્રોને નોકરીની વાત કરીને તેમની ૩ વીઘા જમીન ૧.૧૧ કરોડમાં લેવાનું નક્કી કર્યું હતું.ખેડૂતના કહેવા મુજબ શંકરસિંહ રાણાએ તેમને કહ્યું હતું કે મારા નામે જમીન બહું હોવાથી દસ્તાવેજ મારા નામે નહીં પણ મધુબેન પટેલના નામે કરવાનો છે અને મધુબેનના નામે દસ્તાવેજ કરાવ્યો હતો. ત્યારબાદ ૧૫ લાખના ૩ ચેક મળીને ૪૫ લાખની ચુકવણી કરી હતી. બાકીની રકમ નોકરીમાં મજરે લેવાની વાત કરીને ચુકવ્યા ન હતા. હજી સુધી આ પૈસા ચુકવાયા નથી. ખેડૂત જયારે પણ નોકરી માટે શંકરસિંહ રાણાને ફોન કરે તો તેમને શાની નોકરી અને શાના પૈસા તેમ કહીને બહાના બતાવીને અપમાનિત કરવામાં આવી રહ્યા હોવાનું ખેડૂતે જણાવ્યું હતું.

ખેડૂતે કહ્યું કે ચેરમેન જોડે મિટીંગ થઈ હતી કે બે છોકરાઓને નોકરી મળશે પણ નોકરી આપી નથી. ઉઘરાણી કરી તો ફોન ઉપાડતા નથી અને કે જગ્યા નથી તેવા બહાના કાઢ્યા હતા અને ફોન પણ ઉપાડતા નથી. પુરુ પેમેન્ટ ચુકવ્યું નથી. નોકરીના પૈસા કાપીને આપ્યા છે. ચેરમેને મધુબેનના નામે દસ્તાવેજો કરવા કહ્યું હતું. મધુબેને કહ્યું કે જો ચેરમેન છોકરાઓને નોકરી નહી આપે તો હું પણ જવાબદારી લઉ છું પણ તમે મને દસ્તાવેજ કરી આપો. એટલે અમે તેમને આપી. અત્યાર સુધી તેમણે અમને રાહ જોવડાઇ પણ છોકરાઓનું કોઇ રણીધણી રહ્યું નથી અને જમીન જતી રહેતા અમારી પરિસ્થિતી ખરાબ છે.

## અમરેલીમાં સાંસદની શરાફી મંડળીનાં કર્મચારીનો આપઘાત

અમરેલી, તા.૨૯

અમરેલીનાં સાંસદ નારણભાઈ કાછડીયાનાં કાર્યાલયની બાજુમાં આવેલ સાંસદની સમૃધ્ધિ નાગરિક શરાફી સહકારી મંડળીનાં કર્મચારી આશિષ બગડા નામનાં યુવકે ગળાફાંસો ખાઈ લેતા ભારે ચકચાર મચી હતી. બનાવની જાણ થતાં સાંસદ ઉપરાંત પોલીસ અધિકારીઓની ટીમ ઘટનાં સ્થળે દોડી ગઈ હતી.આ અંગે વિભાગીય પોલીસ અધિકારી જે.પી. ભંડારીએ પત્રકારો સાથેની વાતચીતમાં જણાવેલ કે, સવારનાં સમયે કર્મચારી આશિષભાઈ લટકતી હાલતમાં મળી આવ્યા હતા અને તેમનાં કબ્જામાંથી સ્યુસાઈડ નોટ મળી આવેલ. જેનો અભ્યાસ કરતાં પ્રાથમિક દ્રષ્ટિએ તેઓએ કોઈ અંગત કારણોસર આત્મહત્યા કરી લીધાનું પ્રાથમિક દ્રષ્ટિએ જણાઈ આવેલ છે અને મૃતકનો મોબાઈલ ફોન કબ્જે કરવામાં આવેલ છે અને ફોરેન્સીક ટીકની મદદથી વધુ તપાસ હાથ ધરવામાં આવેલ છે.આ બનાવની જાણશહેરભરમાં થતાં શહેરીજનોનાં ટોળેટોળા સાંસદ કાર્યાલયની બહાર એકત્ર થયા હતા અને બનાવ બાદ પોલીસે ચાંપતો બંદોબસ્ત ગોઠવીને નિયમાનુસાર તપાસ શરૂ કરી હતી.લાઠી તાલુકાનાં જાનબાઈ દેરડી ગામ રહેતા જયંતી ઉર્ફે જેનો તળશીભાઈ સોલંકી તા.૨૭નાં રાત્રે ૧૦-૩૦ કલાકે જાનબાઈ દેરડી ગામે પોતાનાં આર્થિક ફાયદા સારૂ આઈપીએલ ટી ૨૦ મેચ ચેન્નાઈ સુપર કિંગ્સ અને રાજસ્થાન રોયલ્સ મેચ દરમિયાન પકડાઈ જઈ તે ઈસમ પાસેથી રોકડા રૂા.૫૨૫૦ તથા મોબાઈલ ફોન-૧ મળી કુલ રૂા.૧૫૨૫૦નાં તથા ચીઠ સહિતનો મુદામાલ કબ્જે લઈ બીજા આરોપી કાનજીભાઈ વિનુભાઈ બારૈયાની પણ શોધખોળ આદરી છે.

## બાસણામાં યુવતીની હત્યા : આરોપીઓએ નિર્દયતા પૂર્વક યુવતીની કરોડરજ્જૂ તોડી, દુપટ્ટાથી ગળુ દબાવી દીધુ હતું.

અમદાવાદ,તા.૨૯

મહેસાણાના બાસણા ગામ નજીક ખેતરમાંથી યુવતીનો મૃતદેહ મળવા મુદ્દે ચોંકાવનારા ખુલાસા થયા છે. અમદાવાદ સિવિલ હોસ્પિટલના ફોરન્સિક રિપોર્ટમાં યુવતીની ક્રૂરતાપૂર્વક હત્યા કરાઈ હોવાનો ખુલાસો થયો છે. આરોપીઓએ નિર્દયતા પૂર્વક યુવતીની કરોડરજ્જૂ તોડી, દુપટ્ટાથી ગળુ દબાવી દીધુ હતું. ત્યારબાદ માથામાં બોથડ પદાર્થના ઘા ઝીંકીને હત્યા નીપજાવી હતી.

જોકે ફોરેન્સિક રિપોર્ટમાં દુષ્કર્મ અંગે કંઈ જણાયું નથી. જેને પગલે તબીબોએ વિશેરા મેળવીને દુષ્કર્મ અંગે ફોરેન્સિક રીતે તપાસ શરૂ કરી છે. દુષ્કર્મ થયું હતું કે કેમ તે હજુ સ્પષ્ટ નથી, તો બીજીતરફ પરિવારમાં ભારે આક્રંદ સાથે આક્રોશ છે. પરિવારજનોએ જ્યાં સુધી આરોપીઓ નહીં પકડાય ત્યાં સુધી મૃતદેહ સ્વીકારવાનો ઈનકાર કરી દીધો છે.પોલીસ આ કેસમાં અત્યાર સુધી ૧૦ જેટલા શંકાસ્પદોની પૂછપરછ કરી ચૂકી છે, પરંતુ હજુ સુધી આરોપીઓ સુધી નથી પહોંચી શકી. જે શંકાસ્પદોની પૂછપરછ કરાઈ છે તેમાં એક રિક્ષાચાલક પણ છે. મૃત્યુ પામનાર યુવતી માનવ આશ્રમ ચોકડીથી તેની રિક્ષામાં બેસી હતી અને દેલા નજીકથી એક અજાણ્યો શખ્સ પણ રિક્ષામાં બેઠો હતો. રીક્ષા ચાલક બંનેને ગઢા ગામના પાટીયે ઉતારીને મહેસાણા પરત ફર્યો હતો.

પોલીસના જણાવ્યા પ્રમાણે આ કેસમાં બે-ત્રણ બાબતો છે. કોઈની સાથે મનદુઃખ થયું હોય, અણબનાવ હોય અથવા તો અજાણી વ્યક્તિએ એના એકલતાનો લાભ લીધો હોય અને તેની સાથે જબરદસ્તી કરી હોય એવું પણ માની શકાય.